'સિદ્ધહેમશબ્દાનુશાસન' અને 'મલયગિરિશબ્દાનુશાસન'

જયદેવભાઈ શુકલ

ભારતીય શાસ્ત્રીય વાઙ્મયનાં ઉદ્ગમ અને વિકાસમાં વ્યાકરણશાસ્ત્રનું અસાધારણ મહત્ત્વ છે. છન્દઃશાસ્ત્ર, જ્યોતિષ, અર્થશાસ્ત્ર અને બીજા શાસ્ત્રોનો વિકાસ તે તે સમયની સામાજિક સ્થિતિના સંદર્ભમાં થયેલો છે; પરંતુ વ્યાકરણશાસ્ત્રનો વિકાસ પ્રાચીન ભારતીય વાઙ્મયના પ્રવાહને અનુસરે છે. વ્યાકરણશાસ્ત્રનો ઉદ્ભવ વૈદિક વાઙ્મયની પરંપરામાં બ્રાહ્મણગ્રંથોના યુગમાં ઈ. પૂ. ૮૦૦ની આસપાસથી શરૂ થયો અને ઈ. સ. પૂર્વે ૧૫૦ સુધી તેનો સતત વિકાસ થતો રહ્યો. ત્યાર પછીનાં લગભગ સત્તરસો વર્ષો સુધી આ શાસ્ત્રનો વિવિધ રૂપે અભ્યાસ થતો રહ્યો. ધ્વનિ, વ્યાકરણ અને અર્થવિચારની શાખાઓના અસંખ્ય ગ્રન્થોમાં તે નવપલ્લવિત થયો. આ ગ્રન્થોમાં પ્રાપ્ત થતાં સૂક્ષ્મ અન્વેષણ, વિસ્તાર અને વૈજ્ઞાનિક અન્વેષણપદ્ધતિ જગતના શાસ્ત્રીય વાઙ્મયમાં અન્યત્ર જોવા મળતાં નથી.

યાસ્કપૂર્વેના અને પાણિનિપૂર્વેના લગભગ ત્રીસ જેટલા વૈયાકરણોના અને તેમના મતોના ઉલ્લેખો નિરુક્તમાં, ઋગ્વેદપ્રાતિશાખ્યમાં અને અષ્ટાધ્યાયીમાં પ્રાપ્ત થાય છે. આ બધા આચાર્યોના સ્વતંત્ર અને સંપૂર્ણ વ્યાકરણગ્રંથો અર્થાત્ સૂત્ર, ધાતુ, ગણ, ઉણાદિ અને લિંગાનુશાસન એવાં પાંચ અંગોને સમાવતા ગ્રંથો હશે કે કેમ તે સ્પષ્ટ થતું નથી. પરંતુ આ આચાર્યોએ ધ્વનિ, વ્યાકરણ, અર્થવિચાર, વ્યુત્પત્તિ અને પરિભાષા વિષે જે મહત્ત્વનાં વિધાનો કર્યાં હતાં તે અદ્યાપિ સચવાઈ રહ્યાં છે. આવા આચાર્યોમાં શૌનક, શાકટાયન, ઔદુમ્બરાયણ, ગાર્ગ્ય અને આપિશલિના સંપૂર્ણ ગ્રંથો હતા તે નિર્વિવાદ છે.

બ્રાહ્મણગ્રંથોના યુગમાં વ્યાકરણચર્ચાનું સ્વરૂપ વિસ્તૃત હતું. તે ચર્ચામાં વેદોની જુદી જુદી શાખાઓના ધ્વનિઓ, મન્ત્રોનાં ઉચ્ચારણો અને તેમની વિશિષ્ટતાઓ, વૈદિક પ્રયોગોની ભાષાપ્રયોગોના સંદર્ભમાં વિલક્ષણતાઓ તેમજ ભાષાપ્રયોગોની સૂક્ષ્મતાઓ અંગેનાં ચિન્તનોનો સમાવેશ થતો હતો. કાલક્રમે વૈદિક પ્રયોગો અને ભાષાપ્રયોગોની ચર્ચાઓ બે વિભાગમાં વિભક્ત બની. એક વિભાગ શિક્ષા અને પ્રાતિશાખ્ય રૂપે અવતાર પામ્યો અને બીજો વિભાગ શબ્દપારાયણ અર્થાત્ શબ્દાનુશાસન રૂપે જાણીતો બન્યો.

ઈસુપૂર્વેની છટ્ઠી અને પાંચમી સદીમાં વ્યાકરણચર્ચાનું જે વિશાળ રૂપ પ્રકટ થયું તેમાં બે મહાવૈયાકરણોનો ફાળો મહત્ત્વનો છે. એક હતા આપિશલિ અને બીજા હતા પાણિનિ. વ્યાકરણના પ્રાચીન ઉલ્લેખોમાં આપિશલિના વિધાનોના જે સંદર્ભો મળે છે તેમના ઉપરથી સ્પષ્ટ થાય છે કે આપિશલિની વ્યાકરણ પરંપરા સૂત્ર, ધાતુ, ગણ, ઉણાદિ, લિંગાનુશાસન અને પરિભાષારૂપે પૂર્ણ હોવી જોઈએ. છૂટાછવાયા ઉલ્લેખો સિવાય આ પરંપરા વિષે કશી વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈસુપૂર્વેની છઠ્ઠી અને પાંચમી સદીમાં વ્યાકરણચર્ચાનું જે વિશાળ રૂપ પ્રગટ થયું તેમાં બે મહાવૈયાકરણોનો ફાળો મહત્ત્વનો છે. એક હતા આપિશલિ અને બીજા હતા પાણિનિ. વ્યાકરણના પ્રાચીન ઉલ્લેખોમાં આપિશલિના વિધાનોના જે સંદર્ભો મળે છે તેમના ઉપરથી સ્પષ્ટ થાય છે કે આપિશલિની વ્યાકરણપરંપરા સૂત્ર, ધાતુ, ગણ, ઉણાદિ, લિંગાનુશાસન અને પરિભાષારૂપે પૂર્ણ હોવી જોઈએ. છુટાછવાયા ઉલ્લેખો સિવાય આ પરંપરા વિષે કશી વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી.

ઈસુની પૂર્વે ૫૦૦ની આસપાસ થયેલા આચાર્ય પાણિનિની વ્યાકરણ પરંપરામાં સૂત્રસમૂહરૂપે અષ્ટાધ્યાયી નામનો ગ્રંથ પ્રાપ્ત થાય છે. ધાતુપાઠ અને ગણપાઠ તેનાં સહાયક અંગો છે. તેમની વ્યવસ્થાને ઉપયોગી કેટલીક પરિભાષાઓ પાણિનિએ સૂત્રોરૂપે રજૂ કરી છે. કોઈક ઉણાદિસૂત્રસમૂહ તેમના ધ્યાનમાં હશે તેમ કહી શકાય. અષ્ટાધ્યાયીમાં પ્રાપ્ત થતા લિંગના નિયમોમાં લિંગાનુશાસન સમાઈ જાય છે. ૩૯૮૩ સૂત્રોનો આ ગ્રંથ બત્રીસ પાદ અને આઠ અધ્યાયમાં વિભક્ત છે. આ સૂત્રોમાંથી ૧૨૪૫ સૂત્રો ઉપર કાત્યાયને વાર્તિકો રચ્યાં છે અને ૧૨૨૮ સૂત્રો ઉપર પતંજલિએ ભાષ્ય રચ્યું છે.

પાણિનિએ પ્રયોજેલી વ્યવસ્થા, વિશાળ પ્રદેશો ઉપર બોલાતી સંસ્કૃત ભાષાનાં શબ્દરૂપોની સિદ્ધિ માટે રચેલા નિયમો, એ નિયમોનો પરસ્પર અન્વય અને એ નિયમો ઉપરથી કાળક્રમે સધાયેલા કેટલાક પ્રસિદ્ધ ભાષાવૈજ્ઞાનિક સિદ્ધાંતોએ પાણિનિની કીર્તિને જગતમાં પ્રસરાવી છે. જીવન, જગત અને વાઙ્મયમાં સર્વત્ર તર્કયુક્ત અને નિયમબદ્ધ વ્યવસ્થા નિહાળનારી પાશ્ચાત્ય વિવેચનપદ્ધતિને અનુસરનારા કેટલાક અર્વાચીન પાણિનીયો પાણિનિની વ્યવસ્થામાં ક્ષતિઓ નિહાળે છે અને પાણિનીય ગ્રંથમાં અનેક સુધારા વધારા થયા હોવાની માન્યતામાં રાચે છે.

બ્રાહ્મણ પરંપરાનું સમગ્ર સંસ્કૃત વાઙ્મય પાણિનિના નિયમોનું દઢપણે અનુસરણ કરે છે. ઈસુની પહેલી સદી પછી જૈન પરંપરાને પોતાના આગવા વ્યાકરણ વાઙ્મયની ખોટ સાલવા લાગી. બૌદ્ધ પરંપરાને આવી ખોટ સાલતી ન હતી. બુદ્ધઘોષ અને બીજા બૌદ્ધ લેખકો પાણિનીય સૂત્રોનો છૂટથી ઉપયોગ કરતા હતા. તેમ છતાં ઈસુની ચોથી સદીમાં થયેલા આચાર્ય ચન્દ્રને લઘુ, વિસ્પષ્ટ અને સંપૂર્ણ વ્યાકરણની આવશ્યકતા લાગતાં તેમણે વ્યાકરણનો ચાન્દ્રસૂત્ર નામે સૂત્રગ્રન્થ રચ્યો. અષ્ટાધ્યાયી ઉપરથી જ તૈયાર થયેલો આ વ્યાકરણગ્રંથ સ્પષ્ટતા, લાઘવ અને સરળતા સિવાય બીજાં કશાં વિશિષ્ટ લક્ષણો ધરાવતો નથી. ઈસુની આઠમી સદીમાં થયેલા ધર્મદાસે રચેલી ચાન્દ્રવૃત્તિમાં કાશિકાનો સાદ્યંત ઉપયોગ થયો છે.

બૌદ્ધ અને જૈન પરંપરાઓ અષ્ટાધ્યાયીમાં મળતા વૈદિક પ્રયોગો અંગેના અને સ્વરપ્રક્રિયા અંગેના સૂત્રનિયમોનો ત્યાગ કરે છે, પરંતુ પાણિનિએ આપેલાં અને પ્રકૃતિપ્રત્યયકાર્યમાં ઉપયોગી વૈદિક ઉદાહરણો અને યજ્ઞસંદર્ભવાળાં ઉદાહરણોને તે સાચવી રાખે છે.

બ્રાહ્મણ પરંપરાની જેમ જૈન વ્યાકરણ પરંપરાએ પોતાના પ્રાચીન આચાર્યોના ઉલ્લેખો કર્યા છે. જૈનેન્દ્ર વ્યાકરણ, શ્રીદત્ત (૧-૪-૩૪), યશોભદ્ર (૨-૧-૯૯), ભૂતબલિ (૩-૪-૮૩), પ્રભાચન્દ્ર (૪-૩-૧૮૦), સિદ્ધસેન (૫-૧-૭) અને સમન્તભદ્ર (૫-૪-૧૪૦) જેવા આચાર્યોનો ઉલ્લેખ કરે છે. આવી રીતે શાકટાયન વ્યાકરણ પણ આર્યવજ્ર (૧-૨-૧૩), ઇન્દ્ર (૧-૨-૩૭) અને સિદ્ધનન્દી (૨-૧-૨૨૯) જેવા પ્રાચીન વૈયાકરણોનો ઉલ્લેખ કરે છે. જૈનેન્દ્ર અને શાકટાયનમાં નોંધેલા પૂર્વાચાર્યો પાણિનિમાં નથી અને પાણિનિએ નોંધેલા પૂર્વાચાર્યો જૈનેન્દ્ર અને શાકટાયનમાં નથી.

જૈન વ્યાકરણ પરંપરામાં સૌથી પ્રાચીન ગ્રંથ ઈસુની છઠ્ઠી સદીમાં થયેલા આચાર્ય દેવનન્દી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃત જૈનેન્દ્ર શબ્દાનુશાસન છે. પાંચ અધ્યાય, વીસ પાદ અને ત્રણ હજાર અડસઠ સૂત્રોવાળા આ ગ્રંથમાં સૂત્ર, ધાતુ, ઉણાદિ અને ગણપાઠ પ્રાપ્ત થાય છે. આ વ્યાકરણમાં પ્રત્યાહારોનો સ્વીકાર થયો છે તેથી તેમાં પ્રત્યાહાર સૂત્રો હોવાં જોઈએ પરંતુ અભયનન્દીની મહાવૃત્તિમાં પણ તે મળતાં નથી.

જૈનેન્દ્ર વ્યાકરણમાં પાણિનિ, કાત્યાયન, પતંજલિ અને ચન્દ્રનો યથેચ્છ ઉપયોગ થયો છે. તેવી જ રીતે ઈસુની આઠમી સદીમાં થયેલા આચાર્ય અભયનન્દીની જૈનેન્દ્ર સૂત્રો ઉપરની મહાવૃત્તિમાં કાશિકા, ન્યાસ અને ચાન્દ્રવૃત્તિનો મનભર ઉપયોગ થયો છે.

બૌદ્ધ અને જૈન વ્યાકરણ પરંપરાઓ ઉપરનું પાણિનિનું ઋણ કેટલું સાદ્યન્ત છે તેને માટે એક ઉદાહરણ બસ થશે. પાણિનિના સૂત્રનિયમ **अनद्यतने लङ्।** (૩. ૨. ૨૧) પ્રમાણે ગઈકાલના પ્રસંગને જણાવવા માટે હ્યસ્તન ભૂતકાળ વપરાય છે. આ સૂત્ર ઉપરનું વાર્તિક **परोक्षे च लोकविज्ञाते प्रयोक्तुर्दर्शनविषये।** જણાવે છે કે આવો પ્રસંગ લોકપ્રસિદ્ધ હોય અને પ્રયોક્તાએ પોતે જોયો ન હોય પરંતુ તેનું દર્શન તેને માટે સંભવિત હોય ત્યારે પણ આ જ કાળ વપરાય છે. આ નિયમનાં બે ઉદાહરણો પતંજલિએ આપ્યાં છે; **अरुणद्यवनः साकेतम्।** અને **अरुणद्यवनो माध्यमिकाम्।** આ ઉદાહરણોમાં અયોધ્યાની પાસેના પ્રાચીન નગર સાકેત ઉપરના અને ચિતોડ પાસેની માધ્યમિકા નગરી ઉપરના મીનેન્ડરના વિજયનો ઉલ્લેખ છે. આનાં અનુકરણો ચાન્દ્રવૃત્તિમાં **अजयज्जर्तो हूणान्।** (૧. ૨. ૮૧), જૈનેન્દ્ર–મહાવૃત્તિમાં **अरुणन्महेन्द्रो मथुराम्।** (૨. ૨. ૯૨), શાકટાયન અમોઘવૃત્તિમાં **अदहदमोघवर्षो अरातीन्।** (૪. ૩. ૨૦૮), સિદ્ધહેમચન્દ્રમાં **अरुणत्सिद्धराजो अवन्तीम्।** (૫. ૨. ૨૮) અને મલયગિરિમાં **अदहदरातीन् कुमारपालः।** (કૃદન્ત ૩. ૨૩) એવાં મળે છે.

જૈનેન્દ્ર શબ્દાનુશાસન પછીની બીજી જૈન વ્યાકરણ પરંપરા શાકટાયન વ્યાકરણ પરંપરા છે. રાષ્ટ્રકૂટ અમોઘવર્ષ પહેલાના અર્થાત્ ઈસવીસનના નવમા સૈકાના ઉત્તરાર્ધમાં થયેલા અને પાલ્યકીર્તિ એવું નામાંતર પામેલા શાકટાયને સૂત્રપાઠ રચ્યો અને સૂત્રપાઠ ઉપર અમોઘવૃત્તિની પણ તેમણે રચના કરી. તેમણે ગણપાઠ, ધાતુપાઠ, ઉણાદિપાઠ, પરિભાષાપાઠ અને લિંગાનુશાસન પણ રચ્યાં.

દક્ષિણના કદંબ રાજાઓની અમીદષ્ટિ પામેલી અને પાછળથી દક્ષિણની દિગંબર જૈન પરંપરાએ અપનાવેલી યાપનીય પરંપરામાં આ શાકટાયન આચાર્યની પ્રસિદ્ધિ છે. શાકટાયનસૂત્રોમાં અને અમોઘવૃત્તિમાં કાશિકા, ચાન્દ્રવૃત્તિ અને ન્યાસનું પૂરેપૂરું અનુસરણ જોવા મળે છે. વ્યાખ્યાનનો વિસ્તાર અને વિપુલ ઉદાહરણો અમોઘવૃત્તિની વિશિષ્ટતા છે.

પાણિનીય વ્યાકરણપરંપરા પછીની આ બધી વ્યાકરણપરંપરાઓ મુનિત્રયે પ્રવર્તાવેલા સિદ્ધાન્તોમાં કશો ઉમેરો કરતી નથી. તેમનામાં પ્રાચીન કે નવીન ભાષાપ્રયોગોના વિશિષ્ટ ઉલ્લેખો મળતા નથી. સમકાલીન સાહિત્ય સાથે તેમને ઝાઝો સંબંધ નથી અને આવા સાહિત્યના અનુલક્ષ્યમાં તેમનાં વિધાનોમાં પણ કશા ફેરફારો જોવા મળતા નથી. હેમચંદ્રાચાર્યનું સિદ્ધહેમ શબ્દાનુશાસન આમાં અપવાદ છે. સૂત્રનિયમોનો નવેસરથી રજૂ કરાતો ક્રમ, સંજ્ઞાઓમાં મનગમતા ફેરફારો અને વિધાનલાઘવમાં એમને મૌલિકતાનાં દર્શન થાય છે. આવી સ્પષ્ટ મર્યાદાઓ હોવા છતાં પાણિનીય પરંપરાના મુનિત્રયનાં વચનોને તેમણે બરાબર સાચવી રાખ્યાં છે. અષ્ટાધ્યાયીની સ્વરવૈદિકી પ્રક્રિયાના ત્યાગ સિવાય તેમણે બીજું કશું ગુમાવવાનું ઇષ્ટ માન્યું નથી. પરિણામે પાણિનીય પરંપરાનાં સૂત્રવાર્તિકભાષ્યકથનોના પાઠશોધન માટે આ વ્યાકરણગ્રંથો ઉપયોગી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન પરંપરાના વ્યાકરણગ્રંથોની આવી ઉપયોગિતાના સંદર્ભમાં સિદ્ધહેમ વ્યાકરણનું ઘણું મહત્ત્વ છે. અષ્ટાધ્યાયીનાં સૂત્રોનો, કાત્યાયનનાં વાર્તિકોનો અને પતંજલિનાં ભાષ્યવચનોનો સૌથી વધારે ઉપયોગ હેમચન્દ્રાચાર્યે કર્યો છે. આ ઉપરાંત ઈસુની દસમી સદી સુધીમાં થયેલા લગભગ બધા મહત્ત્વના વૈયાકરણો, ચન્દ્ર, ભર્તૃહરિ, ન્યાસકાર, મૈત્રેયરક્ષિત અને કૈયટનાં વિધાનોને પણ તેમણે પોતાના વ્યાકરણગ્રંથોમાં સમાવ્યાં છે.

સોલંકી રાજવી સિદ્ધરાજ જયસિંહની ઇચ્છાથી હેમચન્દ્રાચાર્યે સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનની રચના કરી. આ કાર્ય તેમણે ઈ. સ. ૧૧૪૩માં પૂરું કર્યું. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતની પ્રશસ્તિમાં આનો નિર્દેશ મળે છે.

पूर्वं पूर्वजसिद्धराजनृपतेर्भक्तिस्पृशो याञ्चया ।
साङ्गं व्याकरणं सुवृत्तिसुगमं चक्रुर्भवन्तः पुरा ॥

સિદ્ધહેમને અંતે પણ આવો જ નિર્દેશ છે,

तेनातिविस्तृतदुरागमविप्रकीर्णशब्दानुशासनसमूहकदर्थितेन ।
अभ्यर्थितो निरवमं विधिवद् व्यधत्त शब्दानुशासनमिदं मुनिहेमचन्द्रः ॥

આઠ અધ્યાય અને ૪૬૮૫ સૂત્રોવાળા આ સૂત્રગ્રંથમાં પહેલા સાત અધ્યાયોનાં ૩૫૬૬ સૂત્રોમાં સંસ્કૃત ભાષાના વ્યાકરણની ચર્ચા છે. પહેલા અધ્યાયમાં સંજ્ઞા, સંધિ અને નામ, બીજા અધ્યાયમાં નામ, કારક, ષત્વણત્વ અને સ્ત્રીપ્રત્યય, ત્રીજા અધ્યાયમાં સમાસ અને આખ્યાત, ચોથા અધ્યાયમાં આખ્યાત, પાંચમા અધ્યાયમાં કૃદન્ત અને છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં તદ્ધિતની ચર્ચા કરવામાં આવી છે. દરેક અધ્યાયને અંતે એકેક ચાલુક્ય રાજાની પ્રશસ્તિ છે. સિદ્ધહેમશબ્દાનુશાસનમાં વ્યાકરણનાં બધાં અંગો, સૂત્ર, ગણ, ધાતુ, ઉણાદિ અને લિંગાનુશાસન પ્રાપ્ત થાય છે. ગણપાઠને બૃહદ્વૃત્તિમાં સમાવવામાં આવ્યો છે.

સૂત્રપાઠ ઉપર હેમચન્દ્રાચાર્યે લઘુ, મધ્યમ અને બૃહદ્ એમ ત્રણ વૃત્તિઓ રચી છે. બૃહદ્વૃત્તિ અર્થાત્ તત્ત્વપ્રકાશિકા ઉપર શબ્દમહાર્ણવન્યાસ અર્થાત્ બૃહન્યાસ નામની અત્યંત વિસ્તૃત ટીકા પ્રાપ્ત થાય છે. ન્યાસની રચના ઉપર પતંજલિના મહાભાષ્યની અને જિનેન્દ્રબુદ્ધિના ન્યાસની ગાઢ અસર છે. આપણને પ્રાપ્ત થતા ન્યાસમાં પહેલા અધ્યાયનો પહેલો પાદ અપૂર્ણ અને ત્રીજો તથા ચોથો પાદ, બીજા અધ્યાયના ચાર પાદ, ત્રીજા અધ્યાયનો ચોથો પાદ અને સાતમા અધ્યાયનો ત્રીજો પાદ એટલા મળે છે. ન્યાસમાં હેમચન્દ્રાચાર્યની પહેલાંના અનેક વ્યાકરણગ્રંથોનાં અવતરણો મળે છે. સ્પષ્ટતા, વિસ્તાર અને સૂક્ષ્મતાની દૃષ્ટિએ બ્રાહ્મણેતર વ્યાકરણ–પરંપરામાં આ ગ્રંથોનું સૌથી વધારે મહત્ત્વ છે.

સિદ્ધહેમશબ્દાનુશાસનની ખ્યાતિ હેમચન્દ્રાચાર્યના સમયમાં જ ઘણી વિસ્તરી હતી. પછીના સમયમાં બધા જૈન ગ્રંથકારો આ વ્યાકરણનો ઉપયોગ કરતા હતા. તેમ છતાં કેટલાક સ્વતંત્ર વ્યાકરણગ્રંથો રચવાનું કામ યત્રતત્ર ચાલુ હતું. જૈન વ્યાકરણગ્રંથોમાં વિ. સં. ૧૦૮૦માં રચાયેલા બુદ્ધિસાગર વ્યાકરણનો ઉલ્લેખ કરવો જોઈએ. તે હેમચન્દ્રની પૂર્વે રચાયું હતું.

મલયગિરિના વ્યાકરણનો હસ્તપ્રતોમાં મુષ્ટિવ્યાકરણના નામથી ઉલ્લેખ કરવામાં આવે છે. ઈ. સ. ૧૧૭૭ની અર્થાત્ સોલંકી રાજવી કુમારપાલના સમયની આ રચના છે. નવાગમ વૃત્તિકાર તરીકે મલયગિરિ જાણીતા છે. આગમવૃત્તિઓની રચના પહેલાં તેમણે આ શબ્દાનુશાસનની રચના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી હતી. મલયગિરિ ચાન્દ્ર અને શાકટાયનનો ઉલ્લેખ કરે છે. હૈમવ્યાકરણની તેમાં ઘણી અસર હોવા છતાં હેમચન્દ્રનો તેમાં ઉલ્લેખ નથી. કાતન્ત્રની યોજના પ્રમાણે તેણે સંધિ, નામ, આખ્યાત, કૃદન્ત અને તદ્ધિત એવા વિભાગો પાડ્યા છે. પોતાની ગ્રંથરચનામાં પોતાના વ્યાકરણનો જ ઉપયોગ કરવો એવી મહેચ્છા પૂર્ણ કરવા મલયગિરિનું વ્યાકરણ રચાયું છે. જૈન વ્યાકરણોમાં મલયગિરિના શબ્દાનુશાસનનું મહત્ત્વ પ્રમાણમાં ઓછું છે.

ઉપર જણાવ્યું તેમ જૈન ગ્રંથકારોમાં પોતાની પરંપરાનાં વ્યાકરણોના અભ્યાસ અને તેમનો જ ઉપયોગ કરવાનું સ્પષ્ટ વલણ નજરે ચઢે છે. જૈન સાધુઓ અને વિદ્વાનો આ અંગે હમેશાં ઉત્સાહી રહ્યા છે. દ્વિવંગત પંડિત બેચરદાસજી આનું ઉત્તમ ઉદાહરણ છે.

પંડિતજીએ નાની વયથી જ સિદ્ધહૈમશબ્દાનુશાસનનો અભ્યાસ શરૂ કર્યો હતો અને આજીવન ચાલુ રાખ્યો હતો. સિદ્ધહૈમપરંપરાના લગભગ બધા ગ્રંથોનો તેમનો અભ્યાસ સૂક્ષ્મ હતો. સમગ્ર હૈમ-સૂત્રપાઠ તેમના જિહ્વાગ્રે હતો અને હૈમવ્યાકરણસૂત્રોનો તેઓ વારંવાર ઉલ્લેખ કરતા હતા. ગુજરાતનું પ્રધાન વ્યાકરણ નામના તેમના લેખમાં તેમણે સિદ્ધહૈમશબ્દાનુશાસનનો વિસ્તૃત પરિચય કરાવ્યો છે. ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ અંગેના, મુંબઈ યુનિવર્સિટીના આશ્રયે તેમણે આપેલાં વ્યાખ્યાનોમાં સિદ્ધહૈમના પ્રાકૃત વ્યાકરણના તેમના અભ્યાસની સ્પષ્ટ છાપ દેખાઈ આવે છે.

પંડિતજીના વ્યાકરણવિષયક પાંડિત્યનો પરિચય તેમના મલયગિરિકૃત શબ્દાનુશાસનના શાસ્ત્રીય સંપાદન (અમદાવાદ, ૧૯૬૭) ઉપરથી મળે છે. તેરમા સૈકાની તાડપત્રીય હસ્તપ્રત અને પૂનાની હસ્તપત્ર ઉપરથી તેમણે આ સંપાદનકાર્ય કર્યું છે. હસ્તપ્રતો ઉપરથી ગ્રંથ સંપાદન કરનારા સંશોધકોને હસ્તપ્રતોની કેટલીક વિશિષ્ટતાઓ—સળંગ લખાણ, લેખનની વ્યક્તિનિષ્ઠ પદ્ધતિ અને વિરામચિહ્નોના લગભગ અભાવ—ને કારણે સૂત્ર, વૃત્તિ, ઉદાહરણો અને પ્રત્યુદાહરણોને જુદાં તારવીને વ્યવસ્થિતરૂપે મૂકવાનું મુશ્કેલ બને છે. વ્યાકરણશાસ્ત્રમાં સૂત્રોનાં એકસરખાં વૃત્તિ, વ્યાખ્યાન, ઉદાહરણ અને પ્રત્યુદાહરણની પરંપરા પતંજલિના સમયથી પ્રચલિત છે અને ઈસવી સનના અઢારમાં સૈકા સુધીના બધા વૃત્તિગ્રંથોમાં તે પ્રાપ્ત થાય છે. આવી સ્થિતિ જૈન વ્યાકરણપરંપરામાં પણ હોય તે સ્વાભાવિક છે. કાશિકા, ચાન્દ્રવૃત્તિ અને ન્યાસમાંની પરંપરા જૈનેન્દ્ર, શાકટાયન અને હેમચન્દ્રમાં દૃઢ બનીને મલયગિરિ સુધી પહોંચી છે. તેથી મલયગિરિના પાઠને વ્યવસ્થિત કરવામાં આ પરંપરા મદદરૂપ બને છે. તેની સાથે સાથે સંપાદક પાસેથી આ પરંપરાના પૂરેપૂરા જ્ઞાનની અપેક્ષા પણ રહે છે. પંડિતજીએ આવી અપેક્ષા પૂરી કરી છે. કાશિકાકાર, જૈનેન્દ્ર, શાકટાયન અને હેમચન્દ્રના ગ્રંથો તપાસીને તેમાંના વિધાનોની મલયગિરિનાં વિધાનો સાથે તુલના કરીને સૂત્રો, વૃત્તિ અને ઉદાહરણોને વ્યવસ્થિત રીતે રજૂ કરવાનું મુશ્કેલ કાર્ય પંડિતજીએ સફળતાથી પાર પાડ્યું છે. હસ્તપ્રતોમાં વારંવાર પ્રાપ્ત થતા નાના કે મોટા ગ્રંથપાતોનું પુનઃસંધાન અને પુનર્નિર્માણ કરવું પડે છે. પંડિતજીએ નાના ગ્રંથપાતોનું પુનર્નિર્માણ અને પુનઃસંધાન કર્યું છે, અને તેમને યોગ્ય સંદર્ભોમાં ગોઠવીને ગ્રંથની સળંગસૂત્રતા જાળવી છે.

મલયગિરિના તેમના સંપાદનની પાદટીપો ઉપરથી પંડિતજીના સંપાદનકાર્યની બરાબર સ્પષ્ટતા થાય છે. કેટલાંક ઉદાહરણો જોઈશું.

(૧) મૂળ પાઠમાં આવશ્યક સ્પષ્ટતા થાય તે માટે તેમણે વ્યાખ્યાન અને વૃત્તિ રજૂ કર્યા છે:

(અ) वृत्तौ "स्थानगुणप्रमाणादीनां आसत्त्या" इत्यत्र 'आदि' शब्दनिर्देशेन 'अर्थेन' इत्यादिकं संग्राह्यं तस्य च उदाहरणं इदम् । પૃ. ૪ પાદટીપ ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(આ) अत्र 'चित्रगु' इति प्रकृतेः संबोधने गुणविधायकसूत्ररूपलक्षणेन ओत्वं लाक्षणिकं न प्रकृतिजं इति तात्पर्यम्॥ પૃ. ૧૫ પાદટીપ ૧

(૨) હસ્તપ્રતના દોષ દર્શાવી શુદ્ધ પાઠની ચર્ચા તેમણે કરી છે.

(અ) સન્ધિપાદમાં સૂત્ર न क्ये । ९ । ના ઉદાહરણ मन्या અંગે ચર્ચા કરતાં તેમણે જણાવ્યું છે કે अत्र कोऽपि पाठः पतितः विकृतो वा लिपिकारप्रमादवशतः । પૃ. ૭ પાદટીપ ૫

(આ) આખ્યાતપાદમાં સૂત્ર ૩૧ गणेः ईः । ના ઉદાહરણ यत् त्वं सान्त्वमचीकथः । ને બદલે અમોઘવૃત્તિ અને શાકટાયનચિન્તામણિના પાઠ यः त्वं ને શુદ્ધ પાઠ સમજવો એમ તેમણે દર્શાવ્યું છે. अत्र अमोघवृत्तिचिन्तामण्योः पाठे ' यः त्वं ' इति पाठः उचितः शुद्धश्च भवेत् । પૃ. ૧૭૯ પાદટીપ ૧

(૩) મલયગિરિનું કાશિકા, શાકટાયન અને સિદ્ધહેમનું અનુસરણ જાણીતું છે. તરત જ ધ્યાનમાં આવે એવાં અનેક ઉદાહરણો તેમણે રજૂ કર્યાં છે. કાશિકાનાં બધાં ઉદાહરણો તરફ તેમણે આપણું ધ્યાન દોર્યું છે. નમૂના રૂપે પૃ. ૭, પા. ટી. ૨; પૃ. ૧૦, પા. ટી. ૧; પૃ. ૧૬, પાદટીપ ૧; પૃ. ૨૦, પાદટીપ ૧; પૃ. ૮૪, પાદટીપ ૧; પૃ. ૯૨, પાદટીપ ૩ ને રજૂ કરી શકાય.

(૪) સૂત્ર અને વૃત્તિની સરખામણી કરતાં કેટલેક ઠેકાણે મલયગિરિની ક્ષતિઓ તરફ પંડિતજી આપણું ધ્યાન દોરે છે.

(અ) સંધિ પ્રકરણના પાંચમા પાદના ૨૬મા સૂત્રની વૃત્તિમાં સૂકારનો આદેશ થાય છે એમ મલયગિરિએ જણાવ્યું છે. અહીં આદેશ નહિ પરંતુ આગમ શબ્દ હોવો જોઈએ એવો પંડિતજીનો મત છે.

(આ) નામ પ્રકરણના આઠમા પાદના ૨૮મા સૂત્ર ઉપરની વૃત્તિમાં आगमनत्वात्‌ને બદલે गमनत्वात् (અર્થાત્ ज्ञानत्वात्) હોવું જોઈએ.

(ઇ) આખ્યાત પ્રકરણના નવમા પાદના ૩૭મા સૂત્ર ઉપરની વૃત્તિમાં लुचि असमानस्यने બદલે अलुचि समानस्य એવો પાઠ હોવો જોઈએ.

(ઈ) આખ્યાત પ્રકરણના દસમા પાદના ૪૦મા સૂત્ર ઉપરની વૃત્તિમં कृतः । कृतवान् એવાં બે ઉદાહરણોને બદલે अकृत અને अकृथाः એવું વૈકલ્પિક રૂપ હોવું જોઈએ.

(૫) મલયગિરિના સૂત્રપાઠમાં પ્રાપ્ત ન થતાં પરંતુ વૃત્તિમાં નિર્દિષ્ટ એવાં સૂત્રો તરફ પંડિતજીએ આપણું ધ્યાન દોર્યું છે.

(અ) નામ પ્રકરણના બીજા પાદના પાંચમા સૂત્ર भ्रू–व्यञ्जनश्नोः । વિષે પંડિતજી જણાવે છે કે આ સૂત્ર હસ્તપ્રતોમાં નથી પરંતુ વૃત્તિમાંની ચર્ચા ઉપરથી તેનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.

(આ) નામ પ્રકરણના ત્રીજા પાદનું પંદરમું સૂત્ર नि दीर्घः । હસ્તપ્રતોમાં મળતું નથી પરંતુ આ સૂત્ર પછીના સત્તરમા અને ઓગણીસમા સૂત્ર ઉપરની વૃત્તિમાં તેનો નિર્દેશ મળે છે તેથી તે આવશ્યક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંડિતજીની આવી સૂક્ષ્મેક્ષિકાનાં અનેક ઉદાહરણો આપી શકાય વ્યાકરણના પ્રાચીન અને અપ્રસિદ્ધ ગ્રંથોનાં શાસ્ત્રીય સંપાદનોમાં મલયગિરિના શબ્દાનુશાસનનું આ સંપાદન મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ સંપાદનની બીજી ત્રણ વિશિષ્ટતાઓ તરફ આપણું ધ્યાન જાય છે—એક છે આ પુસ્તકની વિસ્તૃત પ્રસ્તાવના; બીજી વિશિષ્ટતા છે તેને અંતે પંડિતજીએ આપેલાં તુલનાત્મક પરિશિષ્ટો અને ત્રીજી વિશિષ્ટતા છે વ્યાકરણસૂત્રસૂચિ.

પ્રસ્તાવનામાં પંડિતજીએ અનેક ઉપયોગી બાબતોની ચર્ચા કરી છે. હસ્તપ્રતોના પાઠની શુદ્ધિ, ગ્રંથપાતનું પુનર્નિર્માણ, પ્રાચીન વૈયાકરણોના કાર્ય સાથે તુલના કરીને શુદ્ધ પાઠનો નિશ્ચય, આવી બધી પ્રાથમિક આવશ્યકતાઓ પંડિતજીએ પૂરી કરી છે. જૈન વૈયાકરણોનો સંક્ષેપમાં ઉલ્લેખ કરીને મલયગિરિનાં જીવન, સમય અને કૃતિઓની ચર્ચા તેમણે કરી છે. પ્રબંધોમાં મલયગિરિના નામ માત્રનો ઉલ્લેખ હોવાથી શબ્દાનુશાસનમાં પ્રાપ્ત થતા અને આપણે જેનો અગાઉ નિર્દેશ કર્યો છે તે ઉદાહરણ **अदहद् अरातीन् कुमारपालः ।** ઉપરથી મલયગિરિને કુમારપાલના સમકાલિક ઠરાવીને તથા કુમારપાલના વિજયો અંગે શિલાલેખોનો આધાર લઈને બારમા સૈકાના ઉત્તરાર્ધમાં કુમારપાલ અને મલયગિરિના સમયનો નિશ્ચય તેમણે કર્યો છે. પંડિતજીએ મલયગિરિના સંન્યાસ, જૈનધર્મદીક્ષા અને તેના ગચ્છ વિષે પણ ચર્ચા કરી છે.

મલયગિરિએ તેમની આગમવૃત્તિઓમાં વાપરેલા અને સંસ્કૃત રૂપાન્તર કરીને રજૂ કરેલા કેટલાક સ્થાનિક શબ્દો વિષે પંડિતજીએ ચર્ચા કરી છે અને આ શબ્દોનાં પ્રચારસ્થાન સૌરાષ્ટ્રમાં હોઈને મલયગિરિના સૌરાષ્ટ્રનિવાસની પણ તેમણે કલ્પના કરી છે.

પ્રસ્તાવનામાં મલયગિરિની, નવ આગમો ઉપરની વૃત્તિઓની વ્યાખ્યાનપદ્ધતિની પણ વિસ્તૃત ચર્ચા પંડિતજીએ કરી છે. વૃત્તિઓમાં વ્યાકરણકાર્ય માટે મલયગિરિએ પોતાના શબ્દાનુશાસનનો જ ઉપયોગ કર્યો છે તે પંડિતજીએ વિગતો આપીને દર્શાવ્યું છે.

ચાન્દ્ર અને શાકટાયન પરંપરાઓને સમક્ષ રાખીને રચાયેલા મલયગિરિના શબ્દાનુશાસનની યોજના, વિષયનિર્દેશ અને નિરુપણપદ્ધતિને પંડિતજીએ સમજાવ્યાં છે. આ બે પરંપરાથી જુદા પડીને મૌલિકતા દર્શાવવાના મલયગિરિના પ્રયત્નોને પણ પંડિતજીએ સમજાવ્યા છે. એક તરફ શાકટાયન સાથે અને બીજી તરફ સિદ્ધહેમ સાથે મલયગિરિના શબ્દાનુશાસનની તુલના કરીને તેના ઉપરના આ પ્રાચીન જૈન વ્યાકરણ પરંપરાના ઋણને તેમણે વિસ્તારથી દર્શાવ્યું છે. અંતે પંડિતજીએ કલ્પના કરી છે કે મલયગિરિએ કોઈક પ્રાકૃત વ્યાકરણ પણ રચ્યું હોવાનો સંભવ છે.

પંડિતજીની વ્યાકરણ વિષયક વિદ્વત્તા અને પરિશ્રમનો નિર્દેશ ગ્રન્થાન્તે મળતાં દસ પરિશિષ્ટોમાંથી મળે છે.

પ્રથમ અને અતિવિસ્તૃત પરિશિષ્ટમાં તેમણે મલયગિરિ, શાકટાયન, હેમચન્દ્ર, જૈનેન્દ્ર, કાતન્ત્ર, ચાન્દ્ર અને પાણિનિનાં સૂત્રોની સૂચિ, ઘણો પરિશ્રમ લઈને રજૂ કરી છે. પંડિતજીએ સૂત્રાક્ષરોને બદલે સૂત્રાંકો આપ્યા છે. એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ આ પરિશિષ્ટને સૂત્રાક્ષરો અને અંકો સાથે સ્વતંત્ર પુસ્તક તરીકે છપાવશે તો વ્યાકરણના અભ્યાસીઓને એક મહત્ત્વનું સાધન સહજપ્રાપ્ત બનશે.

બીજા પરિશિષ્ટમાં મલયગિરિનાં સૂત્રોની અકારાદિ અનુક્રમથી સૂચિ આપવામાં આવી છે. ત્રીજું પરિશિષ્ટ પંડિતજીના અથાક પરિશ્રમનો ઉત્તમ નમૂનો છે. મલયગિરિએ પોતાના શબ્દાનુશાસનનાં સૂત્રોનો તેમની પોતાની નવાગમ વૃત્તિઓમાં ક્યાં ક્યાં ઉપયોગ કર્યો છે તેની સૂચિ આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિશિષ્ટમાં આપવામાં આવી છે. વૃત્તિઓમાં વ્યાકરણનિષ્ઠ ચર્ચાના સંદર્ભમાં મલયગિરિએ કરેલા નિયમવિધાનને તેમણે સૂત્ર તરીકે શોધવાના પ્રયાસ કર્યા છે. આ પ્રયાસ માટે તેમણે પાણિનિ, ચન્દ્ર, શાકટાયન અને હેમચન્દ્રના કાર્યની પણ મદદ લીધી છે. આને પરિણામે કેટલીકવાર શબ્દાનુશાસનમાં ન મળતા પણ વૃત્તિની વ્યાકરણચર્ચામાં સૂચવાયેલા કોઈક સૂત્રનિયમનો તેમણે સમુદ્ધાર કર્યો છે.

પરિશિષ્ટો ૪, ૫, ૬ અને ૭માં ઉણાદિસૂત્રનાં વૃત્તિસ્થલો, પ્રાકૃતવ્યાકરણ સૂત્રોનાં વૃત્તિસ્થલો, વાર્તિકો અને પરિભાષાસૂત્રોની સૂચિ આપવામાં આવી છે. મલયગિરિના શબ્દાનુશાસનમાં ઉણાદિ-સૂત્રો પ્રાપ્ત થતાં ન હોવાથી વૃત્તિસ્થળો ઉપરથી તેમના અસ્તિત્વની કલ્પના પંડિતજીએ કરી છે. એવી જ રીતે પ્રાકૃતવ્યાકરણનાં સૂત્રો અંગેની કલ્પના કરવામાં આવી છે. આઠમા પરિશિષ્ટમાં શબ્દાનુશાસનમાં પ્રાપ્ત થતાં પદોની અકારાદિ ક્રમથી સૂચિ આપવામાં આવી છે. આ બધાં પદોનાં સંદર્ભસ્થળો અગાઉ સૂત્ર અને વૃત્તિના પાઠમાં દર્શાવવામાં આવ્યાં છે. નવમા પરિશિષ્ટમાં સૂત્રવૃત્તિમાં પ્રાપ્ત થતાં પરંતુ સૂત્રો તરીકે પ્રાપ્ત ન થતાં સૂત્રોની સૂચિ આપવામાં આવી છે અને દશમા પરિશિષ્ટમાં વિશેષનામોની સૂચિ પ્રાપ્ત થાય છે.

મલયગિરિશબ્દાનુશાસનનું પંડિતજીનું શાસ્ત્રીય સંપાદન તેમના સૂક્ષ્મ વ્યાકરણઅભ્યાસ અને સંશોધનનું દ્યોતક છે.

સિદ્ધહેમશબ્દાનુશાસનનો પંડિતજીનો અભ્યાસ આજીવન અને અનન્ય હતો. શબ્દાનુશાસનનાં બધાં જ સૂત્રો અને અનેક સૂત્રો ઉપરની વૃત્તિ તેમને જિહ્વાગ્રે હતાં એટલું જ નહિ પરંતુ હૈમ ધાતુ-પાઠના ૨૨૦૦ ધાતુઓ તેમને તેમના કાશીના યશોવિજય પાઠશાળામાંના અભ્યાસકાળથી જિહ્વાગ્રે હતાં. આ ધાતુપાઠની તે રોજ આવૃત્તિ કરી જતા.

તેમના આ શબ્દાનુશાસનના સૂક્ષ્મ અભ્યાસનું સુફળ, ગ્રંથનિર્માણ બોર્ડે ઈ. સ. ૧૯૭૮ અને ૧૯૮૧માં પ્રસિદ્ધ કરેલ સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનનો લઘુવૃત્તિ–સસૂત્ર ગુજરાતી અનુવાદ છે. આ ગ્રંથના સંસ્કૃત વ્યાકરણના વિભાગને અધ્યાય ૧ થી ૪ના એક ખંડમાં અને અધ્યાય ૫ થી ૭ના બીજા ખંડમાં એમ બે ખંડમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. પંડિતજીના જણાવ્યા પ્રમાણે આ બે ખંડો શબ્દાનુશાસનનાં મૂળ સૂત્રો અને લઘુવૃત્તિના અનુવાદ રૂપે છે. બીજા ખંડને અંતે હૈમધાતુ-પાઠને ધાત્વર્થ સાથે આપવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું છે કે આ પુસ્તકોમાં વિવેચનનું વિશેષ સ્થાન નથી અને સમગ્ર પુસ્તક વિવેચન રૂપે નથી.

અનુવાદની યોજના પંડિતજીએ લઘુવૃત્તિના પાઠ પ્રમાણે કરી છે, તેથી **उणादयः ।** (૫. ૨. ૯૩) સૂત્રથી સૂચવાતા અને બૃહદ્‌વૃત્તિમાં સ્થાન પામેલા ૧૦૦૬ સૂત્રોવાળા ઉણાદિ પ્રકરણના વિભાગને, તે લઘુવૃત્તિમાં ન હોવાથી આ પુસ્તકોમાં સામેલ કર્યો નથી.

પ્રથમ ખંડના પહેલા ચાર અધ્યાયોની વિષયયોજના એમના પ્રથમ ખંડના પ્રાસ્તાવિક વક્તવ્યમાં તેમણે આપી છે. પહેલાં ત્રણ સૂત્રોમાં હેમચન્દ્રાચાર્યનો શાસ્ત્રીય અભિગમ ધાર્મિક પરંપરાથી કેવો મુક્ત હતો તે પંડિતજીએ દર્શાવ્યું છે. **अर्हम् ।** સૂત્ર ભારતીય દેવત્રિમૂર્તિ અને નિર્વાણનું વાચક છે; તે રીતે આ શબ્દાનુશાસન એકદેશીય નહિ પણ સાર્વદેશીય ગણાય. બીજા સૂત્ર **सिद्धिः स्याद्वादात् ।** માં ઉલ્લેખાયેલા સ્યાદ્‌વાદ સિદ્ધાન્તના વિચાર પ્રમાણે તેમણે શબ્દને તેની લોકપ્રસિદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિતિમાં નિત્ય અને વ્યાકરણકાર્ય વખતે અનિત્ય માન્યો છે. વાક્યપદીયના કથન **शास्त्रेषु प्रक्रियाभेदैरविद्यैवोपवर्ण्यते** । (૨. ૨૩૩ અ) માં આ વિચાર પ્રાપ્ત થાય છે.

પહેલાં ત્રણ સૂત્રો અંગે સ્પષ્ટતા કર્યા પછી પંડિતજીએ પહેલા ચાર અધ્યાયોનો વિષયવિભાગ વિગતે દર્શાવ્યો છે. વિષયવિભાગ દર્શાવતી વખતે પંડિતજીએ કેટલીક સાદી પરંતુ વ્યાકરણના અભ્યાસીને અન્યત્ર દુર્લભ બાબતો અંગે સ્પષ્ટતા કરી છે, જેમ કે વ્યંજન સંધિ, નામના પ્રકાર, વિભક્તિઓના અર્થો અને તેમના ઉપયોગ, સમાસમાં અને તદ્ધિતાન્ત પ્રયોગોમાં થતા અર્થના ફેરફારો.

પંડિતજીના સ્વભાવની સરળતા અને સ્પષ્ટ કથન તેમના આ ગ્રંથોમાંના વ્યાખ્યાનમાં ઊતરી આવ્યાં છે. સંજ્ઞાપ્રકરણનાં સૂત્રોમાં પ્રાપ્ત થતી સંજ્ઞાઓ – સ્થાન, આસ્ય પ્રયત્ન, વગેરેને તેમણે સરળતાથી સમજાવ્યા છે. તમામ સંસ્કૃત પારિભાષિક શબ્દો અને ઉદાહરણોના અર્થો અને વ્યાખ્યાન તેમણે આપ્યાં છે. પરિણામે હૈમશબ્દાનુશાસનમાં પ્રાપ્ત થતાં સંસ્કૃત ઉદાહરણોને આત્મસાત્ કરવાથી અભ્યાસીનો શબ્દભંડોળરૂપી ખજાનો ખૂબ વધી જાય છે. ગણનો બોધ કરાવનારાં સૂત્રો **स्वरादयोऽव्ययम्** । (૧.૧.૩૦) અને **चादयोऽसत्त्वे** । (૧.૧.૩૧)ને સમજાવતી વખતે સ્વરાદિગણના તેમજ ચાદિગણના બધા શબ્દોને તેમના અર્થો સાથે તેમણે રજૂ કર્યા છે. બૃહદ્વૃત્તિ કે ન્યાસમાં પ્રાપ્ત થતી વિશેષ ચર્ચા તેમણે ગ્રંથવિસ્તારભયથી રજૂ કરી નથી.

પ્રથમ અધ્યાયના પ્રથમ પાદનાં સૂત્રોના હેમચન્દ્રે આપેલા ક્રમમાં તેમણે ફેરફાર સૂચવ્યો છે, કારણ કે સંજ્ઞાઓના ઉપયોગ પહેલાં તે તે સંજ્ઞાઓનું વિધાન કરવું જોઈએ એવું તેમનું માનવું છે.

શબ્દાનુશાસનના બીજા ખંડને અંતે હૈમધાતુપાઠના બધા ધાતુઓને તેમના અર્થો સાથે દર્શાવ્યા છે. આ અત્યંત આવકાર્ય છે. બીજી વ્યાકરણ પરંપરાઓના ધાતુપાઠોને પણ આવી રીતે અથવા લઘુ પુસ્તિકાઓ રૂપે પ્રકાશિત કરવા જોઈએ.

વ્યાકરણશાસ્ત્ર જેવા કઠિન વિષયનો, ગુરુની મદદ વિના અભ્યાસ, આ બે ગ્રંથોથી થઈ શકે છે. પંડિતજીના આ બે ગ્રંથો ઉપરથી હૈમશબ્દાનુશાસનના વિશેષ અભ્યાસ અંગે ઉત્સાહ પ્રાપ્ત થાય છે. આ અંગે એક-બે બાબતો સૂચવવાની ઇચ્છા થાય છે.

(૧) બૃહદ્વૃત્તિ અને ન્યાસમાં એવા અસંખ્ય શબ્દો મળે છે જે પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં પ્રાપ્ત થતા નથી. ઈસુની દસમી સદી પછીના જૈન સંસ્કૃત સાહિત્યમાં મળતા આવા શબ્દોનો ગુજરાતી અથવા અંગ્રેજી અનુવાદ સાથે કોષ પ્રસિદ્ધ થવો જોઈએ.

(૨) બૃહદ્વૃત્તિએ અને ન્યાસે પ્રાચીન વૈયાકરણોના જે ઉલ્લેખો સાચવી રાખ્યા છે તેમની વ્યવસ્થિત સૂચિ થવી જોઈએ.

(૩) હેમચન્દ્રાચાર્યની બૃહદ્વૃત્તિનો ગુજરાતી અનુવાદ થવો જોઈએ અને એમાં ન્યાસનો આવશ્યક ઉપયોગ થવો જોઈએ.

હૈમશબ્દાનુશાસનમાં પ્રાપ્ત થતો વિસ્પષ્ટ અને સંપૂર્ણ વ્યાકરણનો આદર્શ પંડિતજીના અનુવાદ ગ્રંથોમાંથી બરાબર સ્પષ્ટ થાય છે એ આનંદની બાબત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org